## તારાંકિત પ્રશ્ન ક્રમાંક –૧૫/૪/૩૬૪

# અગ્રતા ક્રમ –૯

## આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તારીખ – ૦૫/૦૨/૨૦૨૪

**પ્રશ્નનું શિર્ષક :–** **અમદાવાદ જીલ્લામાં આરોગ્ય આરોગ્ય તપાસણી કાર્યક્રમ**

**પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ:– શ્રી હાર્દિકભાઇ પટેલ– વિરમગામ**

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

## અમદાવાદ જિલ્લામાં આરોગ્ય તપાસણી કાર્યક્રમ

***૧૫/૪/૩૬૪ શ્રી હાર્દિકભાઈ પટેલ** (વિરમગામ) **: માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે  કે :–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત છેલ્લા એક વર્ષમાં કેટલા બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવેલ છે, | (૧) | તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત છેલ્લા એક વર્ષમાં કુલ–૩,૬૧,૦૯૭ બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવેલ છે. |
| (૨) | ઉક્ત સ્થિતિએ કેટલા બાળકોને હૃદય, કિડની અને કેન્સર જેવા ગંભીર રોગોને સારવાર આપવામાં આવી,અને | (૨) | ઉક્ત સ્થિતિએ કુલ–૨૯૭ બાળકોને હૃદય–૧૭૪, કિડની–૭૫ અને કેન્સર–૪૮ જેવા ગંભીર રોગોની સારવાર આપવામાં આવી, અને |
| (૩) | હ્રદય, કીડની અને કેન્સર જેવા ગંભીર રોગ ધરાવતા બાળકોની સારવાર માટે સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવેલ છે? | (૩) | હ્રદય, કિડની અને કેન્સર જેવા ગંભીર રોગ ધરાવતા બાળકોની સારવાર માટે સરકાર દ્વારા નીચે મુજબની વ્યવસ્થા કરવામાં આવેલ છે.<br>– હ્રદયની બિમારીવાળા બાળકોને યુ.એન.મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડીયોલોજી અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ<br>– કીડનીની બિમારીવાળા બાળકોને ઈન્સ્ટીટ્યુટ ઓફ કીડની ડીસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ<br>કેન્સરની બિમારીવાળા બાળકોને એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ |

# પુરક નોંધ

## શાળા આરોગ્ય – રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ

### યોજનાનો પ્રારંભ :-

- ગુજરાત રાજ્યમાં **૧૯૯૬** ના વર્ષમાં **શાળા આરોગ્ય કાર્યક્રમ આરોગ્ય** વિભાગે અમલી કરેલ પ્રોગ્રામ છે અને **વર્ષ ૨૦૧૪** થી **ભારત સરકારશ્રી દ્વારા રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ શરૂ કરેલ છે.** આમ વર્ષ ૨૦૧૪થી ગુજરાત રાજ્યમાં સદર કાર્યક્રમને "શાળા આરોગ્ય–રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ(SH–RBSK)" તરીકે ઓળખવામાં આવે છે.

### યોજનાનું મહત્વ :-

- શાળા આરોગ્ય કાર્યક્રમ એ રાજયની ભાવી પેઢીને તંદુરસ્ત બનાવવાનો ગુજરાત સરકારનો ભાગીરથ પ્રયાસ છે. આ કાર્યક્રમ અંતર્ગત રાજયના નવજાત શીશુથી ૬ વર્ષ સુધીના આંગણવાડીના બાળકો, પ્રાથમિક શાળાના બાળકો, માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ તથા નવજાત શીશુથી ૧૮ વર્ષ સુધીના શાળાએ ન જતા બાળકોની આરોગ્ય તપાસ અને સારવાર કરવામાં આવે છે.

### પ્રોગ્રામની ટૂંકી વિગત :-

- રાજયમાં અગાઉથી અમલી શાળા આરોગ્ય પ્રોગ્રામ ને રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ સંકલીત કરી આ કાર્યક્રમમાં હાલ ખાસ **992 મોબાઈલ હેલ્થ ટીમ** (જે દરેક ટીમમાં ૦૨ આયુષ મેડિકલ ઓફિસર

(સ્ત્રી અને પુરુષ), એક ફાર્માસિસ્ટ અને એક ANM) દ્વારા કાર્યક્રમ અંતર્ગત ચકાસણીની કામગીરી કરવામાં આવે છે.

- શાળા આરોગ્ય–રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત રાજ્યના તમામ ડીલીવરી પોઇન્ટ ખાતે દરેક નવજાત શીશુનુ બર્થ ડીફેક્ટ સ્ક્રીનીંગ કરવામાં આવે છે અને નવજાત શિશુ થી ૬ વર્ષના આંગણવાડીના બાળકો, ધો.૧ થી ૧૨ માં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓ, ૧૮ વર્ષ સુધીના શાળાએ જતાં અને ન જતાં બાળકોનું “4D”(બર્થ ડીફેક્ટ, ડેવલપમેન્ટલ ડીલે, ડીસીઝ અને ડેફીસીઅન્સી) માટે નિયમિત રીતે તમામ બાળકોની આરોગ્ય ચકાસણી અને સંદર્ભ સેવા દ્વારા સારવાર પુરી પાડવામાં આવે છે.
- સદર 992 મોબાઈલ હેલ્થ ટીમ દ્વારા સ્ક્રીનીંગ, કાઉન્સેલિંગ, આરોગ્ય શિક્ષણ, સ્વચ્છતા અને પોષણ સહિતની આરોગ્ય સેવાઓ, બાળકો અને કિશોરોની સામાન્ય આરોગ્યની બિમારીઓ, એનિમિયા, પોષણની ઉણપ, દ્રશ્ય ઉગ્રતા, સાંભળવાની સમસ્યા, દાંતની સ્થિતિ, સામાન્ય ત્વચાની સ્થિતિ, હ્રદયની ખામી, શારીરિક અક્ષમતા, શીખવાની વિકૃતિઓ, વર્તન સમસ્યાઓ, વગેરે માટે તપાસ કરવામાં આવે છે.
- રાજ્યમા દર વર્ષે અંદાજીત કુલ ૧ કરોડ ૩૩ લાખથી વધુ બાળકોના આરોગ્યની ચકાસણી,  સ્થળ પર સારવાર અને જરૂરીયાતવાળા બાળકો ને સરકારી આરોગ્ય સંસ્થાઓ (PHC/CHC/SDH/ જિલ્લા હોસ્પિટલો/મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલો અને સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલો ખાતે રીફર કરીને તદ્દન મફત સારવાર આપવામાં આવે છે.

- શાળા આરોગ્ય – રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત દરેક જીલ્લા કક્ષાએ બાળકોના નિદાન, રિફર અને સારવાર માટે **ડીસ્ટ્રીકટ અર્લી ઇન્ટરવેન્શન સેન્ટર (DEIC)** કાર્યરત કરવાના થાય છે. **ગુજરાતમાં કુલ ૨૮ DEIC** કાર્યરત છે.
- શાળા આરોગ્ય આર.બી.એસ.કે. માટે "ટેકો" અને "સર્વ શિક્ષા અભિયાન" પોર્ટલનાં ઈન્ટીગ્રેશન થકી રાજ્યમાં જન્મથી ૧૮ વર્ષ સુધીનાં તમામ બાળકોની ૯૯૨ મોબાઇલ હેલ્થ ટીમો દ્વારા કરવામાં આવતી આરોગ્ય તપાસ, સેવાઓ અને ફોલોઅપની નામજોગ વિગતો દરેક ટીમ અને બાળક પ્રમાણે વિગતો ઉપલબ્ધ થાય છે. જેથી ગુજરાતના તમામ બાળકોની સ્વાસ્થ્યને લગતી તમામ વિગતો અને તેને મળેલ સારવારની વિગતો સોફ્ટવેર દ્વારા ઉપલબ્ધ થઈ શકે છે.
- શાળા આરોગ્ય – રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ (આર.બી.એસ.કે.) અંતર્ગત બાળકના સર્વાંગી વિકાસ માટે સગર્ભાવસ્થા અને શરૂઆતના બે વર્ષ મળીને કુલ પ્રથમ ૧૦૦૦ દિવસ દરમ્યાન Early Childhood Call Centre (ECD) મારફતે માતાને કોલ કરીને માહિતી પુરી પાડવામાં આવે છે.

| S.N. | FY | State Budget (rs in Crore) | NHM RBSK Budget (rs in Crore) |
|---|---|---|---|
| | | Budget in Cr. | Budget in Cr. |
| 1 | 2018-19 | 34.3778 | 259.92 |
| 2 | 2019-20 | 37.8155 | 257.39 |
| 3 | 2020-21 | 37.8155 | 244.45 |
| 4 | 2021-22 | 35.8155 | 167.24 |
| 5 | 2022-23 | 37.6850 | 183.18 |
| 6 | 2023-24 | 37.6850 | 183.18 |

# પેટા પ્રશ્નો

**અગ્રતા ક્રમ :** ૯

**પ્રશ્ન ક્રમાંક :** ૧૫/૪/૩૬૪

**તા. ૦૫/૦૨/૨૦૨૪**

**આરોગ્ય વિભાગ**

**માન.ધારાસભ્યશ્રી :શ્રી હાર્દિકભાઈ પટેલ (વિરમગામ)**

**પ્રશ્ન:– અમદાવાદ જીલ્લામાં આરોગ્ય તપાસણી કાર્યક્રમ**

## પૂરક પ્રશ્નોની યાદી

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમનો અમલ રાજ્યમાં ક્યારથી શરૂ કરવામાં આવ્યો ? અને તે અંતર્ગત કેટલા બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવી ? અને તે પૈકી કેટલા બાળકોને સુપર સ્પેશ્યાલીટી સારવાર આપવામાં આવી? | શ્રી હાર્દિકભાઈ પટેલ, વિરમગામ |
| ૨ | આર.બી.એસ.કે. અંતર્ગત કઈ ઉંમરના બાળકોની આરોગ્ય ચકાસણી કરવામાં આવે છે ? અને તે કોના દ્વારા કરવામાં આવે છે ? | શ્રી કાળુભાઈ ડાભી, ધંધુકા |

| | | |
|---|---|---|
| 3 | આર.બી.એસ.કે. અંતર્ગત અત્યાર સુધી કેટલા કોકલીયર ઇમ્પ્લાન્ટ ઓપરેશન કરવામાં આવ્યા અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? કોકલીયર ઇમ્પ્લાન્ટ સર્જરી બાદ બાળકોને સ્પીચ થેરાપી માટે શું વ્યવસ્થા કરવામાં આવી ? | શ્રી કનુભાઇ પટેલ, સાણંદ |
| ૪ | ડિજીટલ ઇન્ડીયા વિઝનને ધ્યાનમાં રાખતા શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત કયા વિશેષ પગલા લેવામાં આવેલ છે ? | શ્રી બાબુભાઇ પટેલ, દસ્ક્રોઇ |

**અગ્રતા ક્રમાંક-૯**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧૫/૪/૩૬૪**

**આરોગ્ય વિભાગ**

**તા.૦૫/૦૨/૨૦૨૪**

**પેટા પ્રશ્ન : ૧ (શ્રી હાર્દિકભાઈ પટેલ, વિરમગામ)**

- **રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમનો અમલ રાજ્યમાં ક્યારથી શરૂ કરવામાં આવ્યો ? અને તે અંતર્ગત કેટલા બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવી ? અને તે પૈકી કેટલા બાળકોને સુપર સ્પેશ્યાલીટી સારવાર આપવામાં આવી?**

**જવાબ :**

- વર્ષ ૨૦૧૪ થી ભારત સરકારશ્રી દ્વારા રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ શરૂ કરેલ છે.
- ગુજરાત રાજ્યમાં ૧૯૯૬ ના વર્ષથી શાળા આરોગ્ય કાર્યક્રમ આરોગ્ય વિભાગે અમલી કરેલ પ્રોગ્રામ છે અને વર્ષ ૨૦૧૪ થી ભારત સરકારશ્રી દ્વારા રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અમલમાં મુકવામાં આવતા વર્ષ ૨૦૧૪થી ગુજરાત રાજ્યમાં સદર કાર્યક્રમને "શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ(SH-RBSK)" તરીકે ઓળખવામાં આવે છે.

- આર.બી.એસ.કે. અંતર્ગત કરવામાં આવેલ આરોગ્ય તપાસણીની વિગતો જોઈએ તો...

| ક્રમાંક | વર્ષ | તપાસ કરવામાં આવી | શબ્દોમાં |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૪–૧૫ | ૧,૪૮,૧૫,૩૬૫ | ૧.૪૮ કરોડ |
| ૨ | ૨૦૧૫–૧૬ | ૧,૫૫,૧૪,૨૩૬ | ૧.૫૫ કરોડ |
| ૩ | ૨૦૧૬–૧૭ | ૧,૫૪,૦૯,૨૪૩ | ૧.૫૪ કરોડ |
| ૪ | ૨૦૧૭–૧૮ | ૧,૫૫,૧૪,૮૯૯ | ૧.૫૫ કરોડ |
| ૫ | ૨૦૧૮–૧૯ | ૧,૮૭,૬૬,૩૯૨ | ૧.૮૭ કરોડ |
| ૬ | ૨૦૧૯–૨૦ | ૧,૫૯,૬૧,૯૦૬ | ૧.૫૯ કરોડ |
| ૭ | ૨૦૨૦–૨૧ | ૫૨,૧૦,૮૮૭ | ૫૨.૧૦ લાખ |
| ૮ | ૨૦૨૧–૨૨ | ૧,૨૮,૪૩,૨૩૭ | ૧.૨૮ કરોડ |
| ૯ | ૨૦૨૨–૨૩ | ૧,૩૫,૧૯,૩૮૧ | ૧.૩૫ કરોડ |
| ૧૦ | ૨૦૨૩–૨૪ (ડિસે–૨૩) | ૧,૩૨,૩૫,૦૦૬ | ૧.૩૨ કરોડ |

➢ જે અન્વયે આપવામાં આવેલ સુપર સ્પેશ્યાલીટી સારવારની વિગતો જોઈએ તો...

| સુપરસ્પેશ્યાલીટી સારવાર | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| **વર્ષ** | **હૃદય સંબંધીત સર્જરી અને સારવાર** | **કીડની સારવાર** | **કેન્સર સારવાર** | **કીડની ટ્રાન્સ પ્લાન્ટ** | **લીવર ટ્રાન્સ પ્લાન્ટ** | **બોનમેરોટ્રાન્સ પ્લાન્ટ** | **ક્લબ ફૂટ** | **કલેફ્ટલિપ – પેલેટ** |
| ૨૦૧૪–૧૫ | ૪૨૪૯ | ૧૧૭૭ | ૭૮૧ | ૫ | ૦ | ૧૪ | ૦ | ૦ |
| ૨૦૧૫–૧૬ | ૬૨૭૫ | ૧૫૫૮ | ૧૦૫૨ | ૨૫ | ૬ | ૩૦ | ૪૮૧ | ૧૨૧૦ |
| ૨૦૧૬–૧૭ | ૮૧૭૭ | ૨૩૫૫ | ૧૦૧૪ | ૨૪ | ૩ | ૩૦ | ૬૨૮ | ૮૬૬ |
| ૨૦૧૭–૧૮ | ૨૨૯૩૨ | ૩૫૦૮ | ૧૮૪૩ | ૨૫ | ૪ | ૨૮ | ૧૦૪૯ | ૭૭૨ |
| ૨૦૧૮–૧૯ | ૨૦૯૮૨ | ૨૭૨૫ | ૧૯૨૨ | ૨૪ | ૪ | ૧૫ | ૧૦૭૧ | ૯૮૭ |
| ૨૦૧૯–૨૦ | ૨૦૬૭૪ | ૨૮૬૯ | ૧૮૫૫ | ૨૫ | ૩ | ૨૨ | ૧૧૫૨ | ૮૨૨ |
| ૨૦૨૦–૨૧ | ૧૮૬૫૩ | ૮૬૭ | ૮૮૨ | ૨૦ | ૩ | ૩૭ | ૭૬૧ | ૭૯૯ |
| ૨૦૨૧–૨૨ | ૧૯૮૮૨ | ૧૭૭૩ | ૧૧૭૪ | ૧૬ | ૨ | ૧૨ | ૮૯૩ | ૨૯૩ |
| ૨૦૨૨–૨૩ | ૧૭૫૪૪ | ૭૨૪ | ૩૩૭ | ૧૩ | ૧ | ૧૦ | ૯૫૨ | ૩૧૫ |
| ૨૦૨૩–૨૪ (ડીસે-૨૩ સુધી) | ૧૦૨૩૧ | ૪૨૨ | ૧૯૭ | ૫ | ૦ | 0 | ૧૮૬ | ૧૪૭ |
| **કુલ** | **૧૪૯૫૯૯** | **૧૭૯૭૮** | **૧૧૦૫૭** | **૧૮૨** | **૨૬** | **૧૯૮** | **૭૫૪૨** | **૬૨૪૮** |

## પેટા પ્રશ્ન : ૨ (શ્રી કાળુભાઈ ડાભી, ધંધુકા)

- આર.બી.એસ.કે. અંતર્ગત કઇ ઉંમરના બાળકોની આરોગ્ય ચકાસણી કરવામાં આવે છે ? અને તે કોના દ્વારા કરવામાં આવે છે ?

**જવાબ :**

- આ કાર્યક્રમ અંતર્ગત રાજયના તમામ ડીલીવરી પોઇન્ટ ખાતે દરેક નવજાત શીશુનુ બર્થ ડીફેકટ સ્ક્રીનીંગ કરવામાં આવે છે અને નવજાત શિશુ થી ૬ વર્ષના આંગણવાડીના બાળકો, ધો.૧ થી ૧૨ માં અભ્યાસ કરતાં તમામ વિધાર્થીઓ, ૧૮ વર્ષ સુધીના શાળાએ જતાં અને ન જતાં બાળકોનું "4D"(બર્થ ડીફેકટ, ડેવલપમેન્ટલ ડીલે, ડીસીઝ અને ડેફીસીઅન્સી) માટે નિયમિત રીતે તમામ બાળકોની આરોગ્ય ચકાસણી અને સંદર્ભ સેવા દ્વારા સારવાર પુરી પાડવામાં આવે છે.
- આ કાર્યક્રમમાં હાલ ખાસ ૯૯૨ મોબાઈલ હેલ્થ ટીમ (જે દરેક ટીમમાં ૦૨ આયુષ મેડિકલ ઓફિસર (સ્ત્રી અને પુરુષ), એક ફાર્માસિસ્ટ અને એક ANM) દ્વારા કાર્યક્રમ અંતર્ગત ચકાસણીની કામગીરી કરવામાં આવે છે.
- સદર ૯૯૨ મોબાઈલ હેલ્થ ટીમ દ્વારા સ્ક્રીનીંગ, કાઉન્સેલિંગ, આરોગ્ય શિક્ષણ, સ્વચ્છતા અને પોષણ સહિતની આરોગ્ય સેવાઓ, બાળકો અને કિશોરોની સામાન્ય આરોગ્યની બિમારીઓ, એનિમિયા, પોષણની ઉણપ, દ્રશ્ય ઉગ્રતા, સાંભળવાની સમસ્યા, દાંતની સ્થિતિ, સામાન્ય ત્વચાની સ્થિતિ, હ્રદયની ખામી, શારીરિક અક્ષમતા, શીખવાની વિકૃતિઓ, વર્તન સમસ્યાઓ, વગેરે માટે તપાસ કરવામાં આવે છે.

**પેટા પ્રશ્ન : ૩ (શ્રી કનુભાઇ પટેલ, સાણંદ)**

- **આર.બી.એસ.કે. અંતર્ગત અત્યાર સુધી કેટલા કોકલીયર ઇમ્પ્લાન્ટ ઓપરેશન કરવામાં આવ્યા અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? કોકલીયર ઇમ્પ્લાન્ટ સર્જરી બાદ બાળકોને સ્પીચ થેરાપી માટે શું વ્યવસ્થા કરવામાં આવી ?**

**જવાબ :**

આર.બી.એસ.કે. અંતર્ગત કરવામાં આવેલ કોકલિયર ઇમ્પ્લાન્ટની

વિગતો જોઈએ તો :-

| **અ.નુ** | **વર્ષ** | **ઓપરેશન** | **કોકલીયર ઇમ્પ્લાન્ટ ઓપરેશનનો અંદાજીત ખર્ચ (રૂ. લાખમાં)** |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૪-૧૫ | ૧૩૩ | ૯૩૧ |
| ૨ | ૨૦૧૫-૧૬ | ૪૭૫ | ૩૩૨૫ |
| ૩ | ૨૦૧૬-૧૭ | ૫૪૩ | ૩૮૦૧ |
| ૪ | ૨૦૧૭-૧૮ | ૩૬૭ | ૨૫૬૯ |
| ૫ | ૨૦૧૮-૧૯ | ૩૪૪ | ૨૪૦૮ |
| ૬ | ૨૦૧૯-૨૦ | ૨૮૭ | ૨૦૦૯ |
| ૭ | ૨૦૨૦-૨૧ | ૧૧૩ | ૭૯૧ |
| ૮ | ૨૦૨૧-૨૨ | ૨૪૭ | ૧૭૨૯ |
| ૯ | ૨૦૨૨- ૨૩ | ૨૯૭ | ૨૦૭૯ |
| ૧૦ | ૨૦૨૩-૨૪ | ૨૧૨ | ૧૪૮૪ |
| **કુલ** | | **૩૦૧૮** | **૨૧૧૨૬**.૦૦ લાખ |

-

- શાળા આરોગ્ય – રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત **૬ વર્ષ** સુધીના જન્મજાત બહેરાશની તકલીફ ધરાવતા બાળકો માટે વિનામૂલ્યે કોકલિયર ઇમ્પ્લાન્ટ સર્જરી અને સર્જરી બાદ એમપેનલ્ડ સ્પીચ થેરાપી કેંદ્ર ખાતે **૧૦૦ સ્પીચ થેરાપી સેશન** સહિતની ગુણવત્તાસભર સારવાર પૂરી પાડવામાં આવી રહી છે.
- કોકલીયર ઇમ્પ્લાન્ટ સર્જરી બાદ બાળકોને વિનામુલ્યે સ્પીચ થેરાપી ની સારવાર ની વ્યવસ્થા તા. ૧૫/૦૫/૨૦૧૭ થી શરૂ કરેલ છે. નીચે મુજબની એમપેઅનલ્ડ સ્પીચ થેરાપી કેંદ્ર ખાતે ૧૦૦ સ્પીચ થેરાપી સેશન સહિતની ગુણવત્તાસભર સારવાર પૂરી પાડવામાં આવી રહી છે.

  ૧. તારા ફાઉન્ડેશન – ગાંધીનગર/ગાંધીનગર કોર્પો
  ૨. તારા ફાઉન્ડેશન – પાટણ
  ૩. તારા ફાઉન્ડેશન – કચ્છ
  ૪. શબ્દ ભ્રમસ્પીચ હીયરીંગ કલીનીક– અમદાવાદ/અમદાવાદ કોર્પોરેશન
  ૫. સ્માઇલ કેર – રાજકોટ/રાજકોટ કોર્પોરેશન
  ૬. વાત્સલ્ય સ્પીચ થેરાપી સેન્ટર – રાજકોટ/રાજકોટ કોર્પોરેશન
  ૭. ઓરોકેર સ્પીચ અને હીયરીંગ કલીનીક – વડોદરા
  ૮. રોટરી કલબ – ખેડા–નડિયાદ
  ૯. મધુર ઇ.એન.ટી હોસ્પિટલ – સાબરકાંઠા

## પેટા પ્રશ્ન : ૪ (શ્રી બાબુભાઈ પટેલ, દસ્ક્રોઈ)

- **ડિજીટલ ઇન્ડીયા વિઝનને ધ્યાનમાં રાખતા શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત કયા વિશેષ પગલા લેવામાં આવેલ છે ?**

**જવાબ :**

- શાળાઓમાં શાળા આરોગ્ય – રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસ કરવામાં આવે છે. ટેકો – સર્વ શિક્ષા અભિયાન સોફ્ટવેરનાં સંકલનથી વિદ્યાર્થીઓની ડીજીટલ હેલ્થ કાર્ડ આપવામાં આવે છે. જે કાર્ડમાં બાળકોની ઊંચાઈ, એનીમીયાનું સ્તર, પોષણનું સ્તર વગેરેની માહિતી ઉપલબ્ધ રહેશે. આ ડિજીટલ હેલ્થ કાર્ડ શિક્ષક, બાળક – બાળકનાં વાલીને મળી રહેશે અને આ **"હેલ્થ કાર્ડ"** દ્વારા બાળકનો શારીરિક અને પોષણ સંબંધીત તેમજ એનીમિયાનું સ્તર ઉંમર મુજબ વૃધ્ધિ વિકાસનું મોનીટરીંગ અને ચકાસણી કરી શકાશે.

  આરોગ્ય અને શિક્ષણનાં સંકલન દ્વારા ઉકત પ્રારંભિક હસ્તક્ષેપથી કુપોષણના વ્યાપમાં ઘટાડો, જ્ઞાનાત્મક વિકાસ અને શૈક્ષણિક પ્રગતિથી સ્વસ્થ્ય ભાવી પેઢીનું નિર્માણ કરી શકાશે.